# પરવાળાનાં પંથે

વર્ષ-૧, અંક-૨, જુલાઈ-૨૦૧૧




## રાષ્ટ્રીય દરિયાઈ જીવસૃષ્ટિ સંશોધન કેન્દ્ર (નેશનલ મરીન બાયોડાયવર્સિટી રીસર્ચ સેન્ટર) નું ઉદ્‌ઘાટન

વિશાળ સાગરકાંઠો, મરીન નેશનલ પાર્ક અને વિપુલ દરિયાઈ જીવસૃષ્ટિ ધરાવતા જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય દરિયાઈ જીવસૃષ્ટિ સંશોધન કેન્દ્ર આકાર લઈ રહ્યું છે. જેનું ઔપચારિક ઉદ્‌ઘાટન માનનીય કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રી, ભારત સરકાર, શ્રી જયરામ રમેશ સાહેબના હસ્તે કરવામાં આવ્યું.

ઔદ્યોગિક પ્રદુષણને કારણે સમુદ્રી જીવો પર થતી અસરોના અભ્યાસ, સમુદ્રી જીવસૃષ્ટિની જૈવિક વિવિધતાની નોંધ તથા જીવોના સંવર્ધન અંગેની કામગીરી આ સંશોધન કેન્દ્ર દ્વારા હાથ ધરાશે.

આપણાં આ મરીન નેશનલ પાર્કમાં ચેરના ગાઢ જંગલો, વિવિધ પરવાળા અને અસંખ્ય દરિયાઈ જીવસૃષ્ટિ જોવા મળે છે. આ આપણી દરિયાઈ સંપત્તિનું સંરક્ષણ તથા સંવર્ધન માટે નીતિ ઘડી શકાય એ માટે આ સંશોધન કેન્દ્ર જામનગર જીલ્લામાં બનવાનું છે.

હાલ જામનગરના ખાતે મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગરની કચેરી બિલ્ડીંગના હોલ ખાતે તા. ૦૨/૦૩/૧૧ ના રોજ કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયના રાજયમંત્રી, શ્રી જયરામ રમેશ સાહેબે આ કામચલાઉ કેન્દ્રને ખુલ્લું મુકયું હતું.

## મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા શામળાસર તથા પોશીત્રા ગામે સિવણ વર્ગોનો શુભારંભ

તા. ૦૩/૦૧/૨૦૧૧ ને સોમવારના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા અમલીકૃત દરિયાકાંઠા વિસ્તારમાં સ્થાપવામાં આવેલ પર્યાવરણ વિકાસ સમિતિ (ઈ.ડી.સી.) શામળાસર તથા પોશીત્રા દ્વારા ગામના સામાજીક અને આર્થિક વિકાસના ધ્યેયને સિધ્ધ કરવા દરિયાકાંઠા વિસ્તારની બહેનોની માંગણીના અનુસંધાને શામળાસર અને પોશીત્રા ગામે ત્રણ માસના સમયગાળા માટે પ્રથમ તબક્કે ૪૦ બહેનોને સિવણ વર્ગની તાલીમ આપવા માટે વર્ગ શરૂ કરવામાં આવેલ. આ તાલીમ દ્વારા ભવિષ્યમાં બહેનો સ્વરોજગારી મેળવી આર્થિક રીતે સ્વનિર્ભર બનશે. આ સિવણ વર્ગનો શુભારંભ મરીન નેશનલ પાર્ક, જામનગર મુખ્ય વન સંરક્ષક શ્રી આર. ડી. કમ્બોજ સાહેબના હસ્તે કરવામાં આવ્યો. બાદમાં આ બન્ને ગામોમાં ૫૦—૫૦ વૃક્ષોનું ટ્રી ગાર્ડ સાથે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆતના મરીન નેશનલ પાર્ક, દ્વારકાના રેન્જ ફોરેસ્ટ ઓફીસર શ્રી આર. કે. શીલુ સાહેબે ગામમાં કાર્યરત ઈ.ડી.સી. અંતર્ગત હાથ ધરવાના થતાં કાર્યો અંગે વિગતવાર માહિતી આપવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા શ્રી આર. ડી. કમ્બોજ સાહેબે કમિટિ તથા ગામલોકો દ્વારા વધુમાં વધુ પર્યાવરણના રક્ષણના કાર્યો થાય તથા ચેર વાવેતરમાં સ્થાનિક લોકોના મહત્તમ ફાળા દ્વારા લોકોને સ્વરોજગારી મળી રહે તેમજ ચેરના જંગલો સ્થાનિક લોકો માટે કેટલા લાભદાયી છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ અને ચેર પ્રત્યે સ્થાનિક લોકોને જાગૃત કરવામાં આવેલ.

## ચેર જાગૃતિ રથયાત્રાનો પ્રારંભ

તાજેતરમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના દરિયાકાંઠા વિસ્તારના ૫૮ ગામોમાં ચેર વિશે સ્થાનિક લોકોને જાણકારી મળે, તેમજ દરિયાકાંઠા વિસ્તારના લોકોને ચેર કેટલા અંશે લાભદાયી છે. તથા મરીન નેશનલ પાર્ક અને સેન્ક્ચ્યુરીમાં આવેલા પરવાળાના ખડકો તેમજ દરીયાઈ જીવસૃષ્ટિ વિશે લોકો જાગૃત થાય તથા તેના સંરક્ષણ અને સંવર્ધન માટે સ્થાનીક લોકોનો ફાળો મહતમ રહે તે માટે આ ચેર જાગૃતિ રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ.

આ ચેર જાગૃતિ રથયાત્રાનો પ્રારંભ તા.૫/૧/૧૧ના રોજ જામનગરના રસુલનગર (બેડ) ગામેથી કરવામાં આવેલ તથા આ કાર્યક્રમની સાથે સાથે માછીમાર સમુદાય માટે વ્યવસાય વ્યવસ્થાપન કેન્દ્રનું ખાતમુહુર્ત અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ઈ.બાલાગુરૂસામીના હસ્તે કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષકશ્રી, આર.ડી.કમ્બોજ સાહેબ, મ્યુનિસિપલ કમીશ્નરશ્રી, પી.સ્વરૂપ સાહેબ, જી.ઈ.સી.ના નિયામકશ્રી, પંડયા સાહેબ, નાયબ વન સંરક્ષકશ્રી, મનેપાના પી. એચ. સાતા સાહેબ, નાયબ વન સંરક્ષકશ્રી, જામનગર વન વિભાગ, શ્રી એસ. એમ. પરમાર સાહેબ, જીલ્લા માહિતી નિયામકશ્રી, કરમટા સાહેબ, તમામ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, મરીન નેશનલ પાર્કના સ્ટાફ, જી.ઈ.સી. સ્ટાફ, તમામ ઈ.ડી.સી.ના પ્રમુખ તથા સભ્ય સચિવશ્રી તથા ગ્રામજનોએ ખુબ ઉત્સાહપુર્વક હાજરી આપેલ. આ રથયાત્રા દ્વારા જામનગર જિલ્લાના ૫૮ ગામોમાં વિવિધ માધ્યમોમાં જેવા કે, કઠપુતળી, ભવાઈ શો, પોસ્ટર પ્રદર્શન, ચેર માહિતી પત્રિકાઓ, ફિલ્મ વગેરે દ્વારા લોક જાગૃતિ આપવાનો ખુબ સુંદર પ્રયાસ થયેલ. આ રથયાત્રા મરીન નેશનલ પાર્કના જુદા જુદા ગામોમાં ફરીને ચેર જાગૃતિ લાવવાના પ્રયત્નો કરેલ.

## ચેર જાગૃતિ રથયાત્રાનું સમાપન

તા. ૦૨/૦૨/૨૦૧૧ના રોજ જોડીયા તાલુકાના જામસર ગામે મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષક, શ્રી આર. ડી.કમ્બોજ સાહેબના અધ્યક્ષ સ્થાનેથી ચેર જાગૃતિ રથયાત્રાનો સમાપન કાર્યક્રમ યોજાયેલ. જેમાં મરીન નેશનલ પાર્કના નાયબ વન સંરક્ષકશ્રી, પી.એચ.સાતા સાહેબ, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, એમ.જી.શીગાળા સાહેબ, મરીન નેશનલ પાર્કના સ્ટાફ તથા જી.ઈ.સી. સ્ટાફ, ઈકો ડેવલોપમેન્ટ કમિટિના પ્રમુખ, સભ્ય સચિવ, સભ્યો તથા સર્વે ગ્રામજનો એ હાજરી આપેલ હતી.

જામનગર જીલ્લાના દરીયાઈકાંઠાના ૫૮ ગામાએ ચેર જાગૃતિ રથયાત્રાનો લાભ લીધો હતો. આ ચેર જાગૃતિ રથયાત્રા દ્વારા દરીયાઈકાંઠા વિસ્તારના લોકોને ચેર ના ફાયદા જેવા કે, ધોવાણ અટકાવવું, દરીયાઈ ખારા પવનોને રોકવા, માછીમારીમાં વધારો થવો, આફતો સામે રક્ષણ, પક્ષીઓને રહેઠાણ, હવામાનમાં સુધારો તથા સાથે સાથે દરીયાઈ જીવસૃષ્ટિના રક્ષણ તેમજ સંવર્ધન વિશે જાગૃતિ આપવામાં આવી. દરીયાકાંઠા વિસ્તારના લોકોને ચેર વનસ્પતિના રક્ષણ તેમજ વાવેતર વિશે હકારાત્મક અભિગમ આવે તે માટે આ યાત્રા શરૂ કરવામાં આવેલ.

આ રથયાત્રા જુદા જુદા ૫૮ ગામોમાં વિવિધ માધ્યમો જેવા કે, કઠપુતળી, નાટક, પોસ્ટર પ્રદર્શન, સહી





ઝુંબેશ, વિવિધ સંકલ્પો વગેરે દ્વારા લોકોને ચેર વિશે જાગૃત કરવામાં આવ્યા. આ રથયાત્રામાં લગભગ ૨૦,૦૦૦ થી વધુ લોકોએ લાભ લીધો.

## મફત પશુ નિદાન કેમ્પ

તા. ૫/૨/૨૦૧૧ ને શનિવારના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગરના જોડીયા તાલુકાની બાલાચડી તથા કુન્નડ ગામની ઈ.ડી. સી. દ્વારા મુખ્ય વન સંરક્ષકશ્રી આર. ડી. કમ્બોજ સાહેબ, નાયબ વન સંરક્ષકશ્રી, પી. એચ. સાતા સાહેબ, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી એમ. જી. શિંગાળા સાહેબ તથા મદદનીશ પશુપાલન નિયામક જામનગર, ડૉ. એન. બી. ભાલોડીયા, ડૉ.કે.એ.પટેલ, ડૉ. બી. ડી. પટેલ, ડૉ. એન. ટી. કાસુંદ્રા, ડૉ. એ. સી. વિરાણી, ડૉ. આર. એન. સંતોકી, ડૉ. આર. એમ. મેરજા, સપોર્ટિંગ સ્ટાફ તથા મરીન સ્ટાફની હાજરીમાં એક મફત પશુ નિદાન કેમ્પ યોજાઈ ગયો. જેમાં પશુઓને નિદાન, સારવાર, રસીકરણ તથા સર્જરી કરવામાં આવેલ હતી. આ કેમ્પમાં કુલ ૧૦૪૦ પશુઓએ લાભ લીધો હતો.



આ કાર્યક્રમની સાથે ગામની શાળા પાસે ૫૦ વૃક્ષોનું વાવેતર (પીંજરા સાથે) પણ કરવામાં આવ્યું હતું. શ્રી આર. ડી. કમ્બોજ સાહેબ તથા શ્રી પી. એચ. સાતા સાહેબે ગામ લોકોને વૃક્ષોના જતન વિશે તથા તેના ફાયદાઓ વિશે વાત કરી હતી. ગામના મુખ્ય આગેવાનોના હાથે વૃક્ષારોપણ પણ કરાવવામાં આવ્યું હતું અને તેઓએ સાહેબશ્રીને " આ વૃક્ષોનું અમે જતન કરશું" એવો સંકલ્પ પણ લીધો હતો.

બાદમાં મરીન નેશનલ પાર્ક, જામનગર તરફથી વિના મુલ્યે કુન્નડ તથા બાલાચડી એમ બંને ગામોમાં સુર્યકુકર વિતરણ કરવાનું આયોજન કરેલ હતું જેમાં બંને ગામોના ૨૦-૨૦ જરૂરીયાત મંદ લાભાર્થીઓને સુર્યકુકર અપાયેલ હતાં.

## ઈ.ડી.સી. પ્રોગ્રેસ

મરીન નેશનલ પાર્ક, જામનગરની દરેક રેન્જમાં આઈ.સી.ઝેડ. એમ. અંતર્ગત બનાવવામાં આવેલ ઈ.ડી.સી. નું કાર્ય ખુબ સુંદર રીતે ચાલી રહયું છે. દરેક ગામમાં આ કાર્યક્રમ હેઠળ લેવામાં આવેલ એન્ટ્રી પોઈન્ટ એકટીવીટીના કાર્યો નકકી થઈ ગયા બાદ તેનું અમલીકરણ પણ થઈ રહયું છે. દરેક ગામની જરૂરીયાત મુજબના કાર્યોની ગામોમાં શરૂઆત થઈ ચુકી છે જેની વિગતો નીચે મુજબ છે.

(૧) ખીજડીયા : આર.સી.સી.રોડ, ગટર વ્યવસ્થા

(૨) ખારાબેરાજા : ઘરદીઠ શૌચાલય

(૩) શામળાસર : ગોપી તળાવ તથા બેઠકની આગળના ભાગમાં ચોક તથા આર.સી.સી.રોડ

(૪) પોશીત્રા : આર.સી.સી. રોડસ

(૫) આસોટા : રણ વિસ્તારમાં મુરમ રોડ

(૬) સિમાણી : ખુલ્લો કુવો બાંધવા સાથે પી.વી.સી. પાઈપલાઈન તથા સ્ટેન્ડ પોષ્ટ સાથે વોટર સપ્લાય સ્કીમ, "બોડાવાળું છેલું" ચેકડેમનું કામ, ગામ તળાવનું રીનોવેશન કામ.

(૭) પિંડારા : બસ સ્ટેન્ડથી ગામના ચોરા સુધી આર.સી.સી. રોડ, તળાવ રીનોવેશન

(૮) પરોડીયા : ૫૦,૦૦૦ લીટર આર.સી.સી. વોટર ટેન્કથી પીવીસી પાઈપ લાઈન તથા સ્ટેન્ડ પોસ્ટ સાથે વોટર સપ્લાઈ સ્કીમનું કામ., આર.સી.સી. રોડ, ગ્રામ્ય તળાવનું રીનોવેશન

(૯) બાલાચડી : ચેકડેમ

(૧૦) કુન્નડ : આર.સી.સી. રોડઝ

(૧૧) રસુલનગર : માછીમાર વ્યવસાય વ્યવસ્થાપન કેન્દ્રનું બાંધકામ



## કચ્છના અખાતમાં પરવાળા રીફની બાયોફિઝિકલ મોનીટરીંગ (તારીખ ૧૯ થી ૨૪ માર્ચ સુધી)

જામનગરના કચ્છના અખાતમાં મરીન નેશનલ પાર્ક અને સેન્કચ્યુરી વિસ્તારમાં પરવાળા રીફનું બાયોફિઝિકલ મોનીટરીંગ હાથ ધરવામાં આવેલ. આ બાયોફિઝિકલ મોનીટરીંગના ઉદ્દઘાટન કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષકશ્રી, આર. ડી. કમ્બોજ સાહેબ, ક્ષેત્રિય મુખ્ય વન સંરક્ષકશ્રી, વન અને પર્યાવરણ મંત્રાલય, ભોપાલનાશ્રી એમ.એસ.રાણા સાહેબ, ઝુ લોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાના નિયામક ડો. કે.વેંકટરમન, નાયબ વન સંરક્ષકશ્રી, પી.એચ.સાતા સાહેબ, મદદનીશ વન સંરક્ષકશ્રી, સી.બી.ભીમાણી સાહેબ તથા તમામ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી તથા ક્ષેત્રિય સ્ટાફ હાજર રહેલ. જુદી જુદી સંશોધન સંસ્થા જેવી કે, ઝુ લોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાના નિયામક ડો. કે. વેંકટરામન, એન.આઈ.ઓ.ના ડો.ગજબીએ સાહેબ, ગીર ફાઉન્ડેશનના દિશાંત પરાશર્ય સાહેબ, નેચરલ હિસ્ટ્રી સોસાયટી અને એમ. એસ. યુનિવર્સીટીના સંશોધનકર્તા, સ્પેશ એપ્લીકેશન સેન્ટર અમદાવાદથી આવેલ વૈજ્ઞાનિકો અને વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયાના સભ્યોએ હાજરી આપેલ હતી.



બાયોફીઝીકલ મોનીટરીંગ કરવાનો એક ખાસ સમયગાળો હોય છે જેમાં વર્ષ દરમ્યાન ઓછામાં ઓછી ઓટ હોય જેને અંગ્રેજીમાં "માઈનસ ટાઈડ" તરીકે ઓળખવામાં આવે છે ત્યારે આ બાયોફીઝીકલ મોનીટરીંગ કરવામાં આવે છે જેના દ્વારા અભ્યાસ માટે વધુમાં વધુ પરવાળા રીફનો વિસ્તાર આવરી શકાય છે જેના દ્વારા પરવાળા રીફની પરિસ્થિતિ જાણી શકાય છે.

આ બાયોફિઝિકલ મોનીટરીંગમાં પરવાળાના વિવિધ જાતોને ઓળખવા માટે ઝુલોઝીકલ સર્વે ઓફ ઈન્ડીયા દ્વારા તૈયાર કરવામાં આવેલ સી.ડી. તથા પ્રશિક્ષણ મેન્યુઅલનું વિમોચન માનનીય ક્ષેત્રિય મુખ્ય વન સંરક્ષકશ્રી, વન અને પર્યાવરણ મંત્રાલય, ભોપાલના એમ.એસ.રાણા સાહેબ દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ડૉ. કે. વેંકટરામન ડાયરેકટર, ઝુ લોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા દ્વારા ભારતના પરવાળાની સ્થિતિ વિશે વ્યાખ્યાન આપવામાં આવેલ. તેમજ ડૉ. સત્યનારાયણ અને સાથી વૈજ્ઞાનિકો દ્વારા મરીન નેશનલ પાર્કના ક્ષેત્રિય સ્ટાફને અસરકારક બાયોફિઝિકલ મોનીટરીંગ કરવા માટે પુરતું પ્રશિક્ષણ તેમજ જ્ઞાન આપવામાં આવેલ. વ્યાખ્યાનની શરૂઆત બાયોફિઝિકલ મોનીટરીંગનો હેતુ શું છે અને તે શા માટે કરવામાં આવે છે તે જણાવવામાં આવેલ. કોરલ મોનીટરીંગથી પરવાળા રીફની સ્થિતિ, તંદુરસ્તીનો અંદાજ કાઢવો જેમાં એક જ વિસ્તારનું વારંવાર મોનીટરીંગ કરીને લાંબાગાળાનું વલણ નકકી કરી શકાય તેમજ મોટાપાયે થયેલ પ્રતિકૂળ અસરો તેમજ માનવીય પ્રવૃતિની અસરો જાણી શકાય.

આ બાયોફિઝિકલ મોનીટરીંગને મુખ્ય ત્રણ પેરામીટરમાં વહેચવામાં આવેલ, જેમાં (૧) જીવંત પરવાળા (લાઈવ કોરલ્સ) મૃત પરવાળા (ડેડ કોરલ્સ) આલ્ગી સાથેના પરવાળા (આલ્ગલ અસેમ્બ્લેજ) (૨) સેન્ડીમેન્ટેશન (૩) અન્ય સમુદ્રી પ્રાણી સમુદાય જેવા કે, સી એનીમોન્સ (સમુદ્ર ફુલ), સી અર્ચીન, ગોરગોનીયા વગેરેનો સમાવેશ કરવામાં આવેલ.

પરવાળા રીફની જૈવિક ભૌતિક પરિસ્થિતિ, પરવાળાની તંદુરસ્તી, પરવાળા રીફ અને દરીયાઈ જીવસૃષ્ટિના મુલ્યાંકન દ્વારા ઉપરોકત હેતુઓને પરવાળા રીફના પરિસર તંત્રની જાણકારી માટે અભ્યાસ કરવામાં આવેલ છે. બાયોફિઝિકલ મોનીટરીંગમાં મુખ્ય ચાર પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ. જેમ કે, લાઈન ઈન્ટરસેપ્ટ, ટ્રાન્સેકટ (એલ.આઈ.ટી.) પધ્ધતિ, કવોડ્રેટસ, મેન્ટા ટો, ટાઈમટ સ્વીમ.

## રાષ્ટ્રીય પરિયોજના વ્યવસ્થાપન એકમ (NPMU) અને વિશ્વ બેન્કની ટીમ જામનગર જીલ્લાની મુલાકાતે

તા. ૧૦/૫/૨૦૧૧ થી ૧૨/૫/૨૦૧૧ સુધી રાષ્ટ્રીય પરિયોજના વ્યવસ્થાપન એકમ અંતર્ગત વિશ્વ બેન્કની ટીમ જામનગર જીલ્લાના જુદા જુદા કાંઠાળ વિસ્તારનાં ગામોમાં મરીન નેશનલ પાર્ક દ્વારા અમલીકૃત આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ અંતર્ગત પસંદ કરાયેલા ગામોની મુલાકાતે આવ્યા હતાં.

જે ટીમમાં વિશ્વ બેન્કનાં વિષય નિષ્ણાંતો શ્રી તપસ પૌલ, શ્રી મ્રિણાલ માથુર, શ્રી સોનિયા સંધુ, શ્રી પાર્થપ્રિયા ઘોષ,



શ્રી એ.એસ. રામક્રિષ્ના, શ્રીમતી મમતા મિશ્રા તથા ઓરિસ્સા રાજયના મુખ્ય વન સંરક્ષક શ્રી અજીત પટનાયક સાહેબ વગેરે સાથે મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષક, શ્રી આર.ડી. કમ્બોજ સાહેબ, જી.ઈ.સી., ગાંધીનગરના નિયામક શ્રી ચંદ્રશેખર પંડયા સાહેબ તથા મરીન નેશનલ પાર્ક, જામનગરના નાયબ વન સંરક્ષક, શ્રી પી. એચ. સાતા સાહેબ, મદદનીશ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર શ્રી સી. બી. ભીમાણી સાહેબ, તથા મરીન નેશનલ પાર્ક, જામનગરના રેન્જ ફોરેસ્ટ ઓફીસર શ્રી સોઢા સાહેબ તથા જી.પી.સી.બી. ના સાયન્ટીસ્ટશ્રી એસ. કે. ઝા, એસ.પી.એમ.યુ. ના પ્રતિનિધિ શ્રી જે. કે. વ્યાસ તથા જી.ઈ.સી. ના સ્ટાફ સર્વશ્રી, નિશ્ચલ જોષી, લોમેશ બ્રહ્મભટ્ટ, શૈલેષ ડોડીયા, ઈશ્વર દેસાઈ તથા નલીયા અને ભુજનો આઈ.સી.ઝેડ.એમ. નો સ્ટાફ હાજર રહેલ હતાં.



તા. ૧૦ થી ૧૨ સુધી મરીન નેશનલ પાર્ક, જામનગરની મુલાકાત દરમિયાન તા. ૧૦/૦૫/૧૧ ના રોજ પૂરી ટીમ જામનગર રેન્જના ખીજડીયા ગામની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમ ગામલોકો દ્વારા સમગ્ર ટીમનું સ્વાગત કરવામાં આવેલ. બાદમાં શ્રી સાતા સાહેબે ગામલોકોને આવેલા મહેમાનોનો ટુંકમાં પરિચય કરાવ્યો હતો, અને ગામના સરપંચ શ્રીમતિ વર્ષાબેન રામાણી, ઈ.ડી. સી. પ્રમુખ યોગેશભાઈ રામાણી તથા સમગ્ર ઈ.ડી.સી. સાથે આવેલ મહેમાનોએ ચર્ચા કરેલ હતી. ચર્ચા પૂર્ણ થયા બાદ મરીન નેશનલ પાર્ક દ્વારા એન્ટ્રી પોઈન્ટ એકટીવીટીમાં લેવાયેલ ગટર વ્યવસ્થા તથા સી.સી. રોડના કામોથી શું ફાયદો થશે એ બાબતોની ચર્ચા ગામલોકોએ કરી હતી. બાદમાં ગામમાં જે બહેનો માચીવર્ક કરે છે. તેઓ સાથે માર્કેટીંગ બાબતે ચર્ચા કરી, ત્યાર બાદ મરીન નેશનલ પાર્ક દ્વારા સિવણ વર્ગોમાં

તાલીમ લીધેલ બહેનોએ તેનાથી થયેલા ફાયદાઓ જણાવ્યા હતાં તથા મરીન નેશનલ પાર્ક દ્વારા વિનામુલ્યે ગામમાં અપાયેલા સોલાર કુકરથી બહેનોને શું લાભ થાય છે ? તેની બહેનો સાથે ચર્ચા કરેલ તથા સોલાર કુકર વાપરતા બહેનોના ઘરે જઈ કુકરનું નિરીક્ષણ કર્યુ હતું તથા માચીવર્ક કરતા જોયું હતું, તથા મરીન નેશનલ પાર્ક દ્વારા વિનામુલ્યે બનાવડાવી દેવાયેલ ગોબરગેસ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. મીટીંગ પૂર્ણ થયા બાદ ખીજડીયા પક્ષી અભ્યારણ્યની મુલાકાત લીધી હતી તથા પક્ષીઓ નિહાળ્યા હતાં.

ખીજડીયાથી જામનગર પરત આવ્યા બાદ જે.એમ.સી.ના કોન્ફરન્સ હોલમાં મરીન નેશનલ પાર્ક તરફથી મુખ્ય વન સંરક્ષક શ્રી કમ્બોજ સાહેબે આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ જુદી જુદી ઈ.ડી.સી. મારફત તેમજ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીનું પ્રેઝન્ટેશન કર્યુ હતું.

બીજા દિવસે તા. ૧૧/૦૫/૧૧ ના રોજ સમગ્ર ટીમ તથા મરીન નેશનલ પાર્ક સ્ટાફ, જી.ઈ.સી. સ્ટાફ વગેરેએ મોટા આસોટા ગામની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમ ગામલોકો દ્વારા ઢોલ-નગારા તથા નાની બાળાઓ દ્વારા કુમકુમ તિલકથી સમગ્ર મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં સરપંચ શ્રી ધનાભાઈ ચાવડા, ઈ.ડી. સી. ના પ્રમુખ શ્રી નોંધાભાઈ તથા સમસ્ત કમિટિ દ્વારા આવેલ ટીમનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત તથા પરિચય બાદ ગામલોકો સાથે મરીન નેશનલ પાર્ક દ્વારા આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ અંતર્ગત એન્ટ્રી પોઈન્ટ એકટીવીટીમાં લેવાયેલ રસ્તાના કામથી ગામને તથા ટાપુ પર વસતા લોકોને થયેલા ફાયદાઓ વિશે ચર્ચા કરી હતી.

ગામ લોકોએ રસ્તાથી થયેલા ફાયદાઓ જણાવ્યા હતાં બાદમાં સ્વસહાય જૂથ (SHG) ના બહેનો સાથે મુલાકાત લીધી હતી તથા ખાતાકીય તથા પ્રોજેકટ અંતર્ગત થયેલા ચેર પ્લાન્ટેશન જોવા માટે બોટ મારફતે ગયા હતાં. ત્યાંથી પરત ફર્યા બાદ રાસ-ગરબા તથા ગામલોકોના હર્ષોલ્લાસ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

તા. ૧૨/૦૫/૧૧ ના રોજ સવારે આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ ગોમતીઘાટ પર નકકી કરેલ ઓસેનેરીયમ સાઈટનું ટીમે નિરીક્ષણ કર્યુ હતું. બાદ ત્યાંથી પોશિત્રાના ભાડુ મુકામે આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ ગીર ફાઉન્ડેશન દ્વારા કરવાના કોરલ ટ્રાન્સપ્લાન્ટેશન માટેની સાઈટનું નિરીક્ષણ કરેલ હતું.

## ગુજરાત મરીન નેશનલ પાર્ક એન્ડ મરીન સેન્ચ્યુરી કન્ઝર્વેશન સોસાયટીની નોંધણી દ્વારા વિધિવત્ સ્થાપના

જામનગરમાં કચ્છનાં અખાતમાં મરીન નેશનલ પાર્ક અને સેન્ચ્યુરીની દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અને સંવર્ધનના કાર્યને વેગ મળે તે હેતુસર ગત તારીખ ૦૩/૦૬/૨૦૧૧ના રોજ ગુજરાત મરીન

નેશનલ પાર્ક એન્ડ મરીન સેન્ચ્યુરી કન્ઝર્વેશન સોસાયટીની જામનગર ખાતે આસીસ્ટન્ટ ચેરીટી કમીશનરની કચેરીએ નોંધણી કાર્ય સંપન્ન થતાં વિધિવત રીતે સ્થાપના કરવામાં આવેલ છે.

આ સોસાયટીની સ્થાપનાનો હેતુ સમયાંતરે કચ્છના અખાત અને અરબી સમુદ્રની જૈવ વિવિધતાની માહિતી અદ્યતન કરવાનો, દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અને બચાવ માટેની પ્રવૃત્તિ અને કાર્યોને સહાયતા પૂરી પાડવાનો, પાયાગત વિષયો પર સંશોધન અને અભ્યાસ દ્વારા "નોલેજ ગેપ્સ" ને પરિપૂર્ણ કરવાનો, વિવિધ કાર્યો જેવા કે, મરીન નેશનલ પાર્ક અને સેન્ચ્યુરીના વ્યવસ્થાપન માટે મેનેજમેન્ટ પ્લાનની દરખાસ્ત કરવી, દરિયાઈ જીવસૃષ્ટિ (પરવાળા તથા ચેર વગેરે) ના સંરક્ષણ માટેનું લાંબાગાળાનું આયોજન કરવું અને સ્થાનિક સમુદાય અને કર્મચારીઓને વિવિધ તાલીમ કાર્યક્રમો દ્વારા સશકિતકરણ કરવા માટે સ્ત્રોત ઉપલબ્ધ બનાવવા અને પૂરા પાડવાનો, સંરક્ષણના ક્ષેત્રે સક્રિય એવી સ્થાનિક સમુદાયોની ભાગીદારી નિશ્ચિત કરવાનો છે.

આ સોસાયટીના સભ્યપદ મેળવવા મરીન સંશોધન કાર્યમાં પ્રવૃત્ત અને સંકળાયેલ કોઈપણ સંસ્થા કે વ્યકિત આવકારનીય રહેશે. આ માટે મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગરનો સંપર્ક કરવાનો રહેશે.

## સોલારકૂકર તાલીમ કાર્યક્રમ

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા રેંજના ગામોમાં શ્રમજીવી કુટુંબોને વિનામુલ્યે સોલારકૂકરનું વિતરણ કરવામાં આવેલ હતું. જેનો ઉદ્દેશ લોકોને કુદરતી ઉર્જાના સ્ત્રોત તરફ વાળવાનો, બળતણના બચાવનો, આરોગ્ય તથા સમયની બચત વગેરેનો હતો. બહેનોને સોલારકૂકરનો ઉપયોગ તથા તેના વિશે જરૂરી જાણકારી આપવા નિષ્ણાંત તરીકે શ્રીમતિ દક્ષાબેન રિસ્કાની પસંદગી કરવામાં આવી.

આ તાલિમ ખીજડિયા, બાલાચડી, કૂન્નડ, પરોડિયા તથા કાલાવડ સિમાણી આ પાંચ ગામોમાં યોજવામાં આવી હતી. જેમાં ઈ.ડી.સી. નાં પ્રમુખ તથા ફોરેસ્ટ ગાર્ડ(સભ્ય સચિવ) વગેરે એ હાજરી આપેલ હતી.

## મોનીટરીંગ કમિટિ મીટીંગ

કચ્છના અખાતમાં મરીન નેશનલ પાર્ક, જામનગર હેઠળના જે વિસ્તારો બીન જંગલ હેતુ માટે જુદી જુદી સંસ્થાઓને ફાળવવામાં આવેલ છે, આવા વિસ્તારો મંજુર કરતી વખતે ભારત સરકાર તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા રાખવામાં આવેલ શરતોનું જે તે સંસ્થા કે કોર્પોરેટ એજન્સી દ્વારા પાલન કરાય છે કે કેમ તેની સમીક્ષા કરવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજયના



વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવશ્રીની અધ્યક્ષતા હેઠળ રચાયેલ મોનીટરીંગ કમિટિની મીટીંગ તા. ૦૪/૦૬/૨૦૧૧ ના રોજ જામનગર ખાતે યોજાઈ હતી. ગુજરાત રાજયના વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવશ્રી ડૉ. એસ. કે. નંદા સાહેબના આ મીટીંગમાં અધ્યક્ષ સ્થાનેથી યોજાયેલ હતી. જેમાં શ્રી રાજીવા સાહેબ, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજય, શ્રી એ. કે. રાણા, મુખ્ય વન સંરક્ષકશ્રી, રીજીયોનલ ઓફીસ, પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકાર, ભોપાલ, શ્રી આર. ડી. કમ્બોજ સાહેબ, મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર, ડૉ. એસ. એન. ગજભીએ, સાયન્ટીસ્ટ, એન.આઈ.ઓ. તથા શ્રી પી. એચ. સાતા, નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર વગેરે હાજરી આપેલ હતી.

આ મીટીંગમાં જામનગર ખાતે મરીન નેશનલ પાર્ક, જામનગર હેઠળ એક મરીન રીસર્ચ સેન્ટર તૈયાર કરવા અંગે તથા વિવિધ એજન્સીઓ દ્વારા પોતાના સ્વપ્રયત્નોથી મરીન નેશનલ પાર્ક, જામનગરના સહકારથી ઉછેરવામાં આવેલ મેન્ગ્રુવ વાવેતરો તેમજ ઓઈલ સ્પીલ મોનીટરીંગ યુનિટ વગેરે બાબતો પર ચર્ચા સમીક્ષા કરવામાં આવેલ હતી.

વિશેષમાં આ મીટીંગમાં કંડલા પોર્ટ ટ્રસ્ટના કેપ્ટન શ્રી સિબલ દ્વારા વેસલ ટ્રાફીક મેનેજમેન્ટ સિસ્ટમ (વી.ટી.એમ.એસ.) પર પ્રેઝન્ટેશન આપવામાં આવેલ હતું. અંતમાં શ્રી નંદા સાહેબના માર્ગદર્શન બાદ મીટીંગ પૂર્ણ કરવામાં આવેલ.

## સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરિયોજના અંતર્ગત પ્રેરણા પ્રવાસ (તારીખ : ૧૩/૦૬/૨૦૧૧ થી તા.૧૫/૦૬/૨૦૧૧ સુધી)

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા અમલીકૃત સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન પરિયોજના અંતર્ગત કચ્છ-ભુજ, નલિયા ખાતે ત્રણ દિવસનો પ્રેરણા પ્રવાસ કરવામાં આવેલ. જેમાં શ્રી પી.એચ. સાતા સાહેબ, નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગર, શ્રી સી.બી.ભીમાણી સાહેબ, મદદનીશ વન સંરક્ષકશ્રી, મરીન



નેશનલ પાર્ક, જામનગર, તમામ પરિક્ષેત્રીય વન અધિકારીશ્રી, મરીન નેશનલ પાર્ક, ફોરેસ્ટર, ફોરેસ્ટ ગાર્ડ (સભ્ય સચિવશ્રી, ઈ.ડી.સી.), ૧૨ સભ્યો, ઈકો ડેવલોપમેન્ટ કમિટિ તથા સોશ્યલ સ્ટાફ, મરીન નેશનલ પાર્ક વગેરેએ ભાગ લીધો હતો.

આ પ્રેરણા પ્રવાસનો મુખ્ય હેતુ ઈકો ડેવલોપમેન્ટ કમિટિ અંતર્ગત જે ગામોમાં સફળ અને લોક ભાગીદારીથી કામો થયા છે. જે પોતાના સહિયારા પ્રયાસથી આગળ વધી રહ્યા છે અને જેનો લાભ ગામને મળી રહ્યો છે. તેવા સફળ ગામોને જોવા, જાણવા અને સમજવાનો હતો. પ્રેરણા પ્રવાસની શુભ શરૂઆત માતાજીનાં દર્શન દ્વારા કરવામાં આવેલ, જેમાં સુપ્રસિધ્ધ માતાના મઢ એવા આશાપુરા માતાજીના દર્શન કરવામાં આવેલ. ત્યારબાદ નારાયણ સરોવર ખાતે રાત્રી રોકાણ કરવામાં આવેલ.

પ્રેરણા પ્રવાસનાં બીજા દિવસે કચ્છ ભુજ પશ્ચિમ વિસ્તાર, નારાયણ સરોવર રેન્જનાં લકકી વિસ્તારની મુલાકાત લીધેલ. જયાં રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, દવે સાહેબ તથા જોગલ સાહેબ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવેલ ચેર વાવેતર વિસ્તારની મુલાકાત કરાવેલ. જયાં દરિયાનાં પાણી મહિનામાં ઓછા સમય આવે છે. એવા વિસ્તારમાં ફીશબોન પધ્ધતિથી વાવેતર કરવામાં આવેલ છે, તે વિસ્તારની પ્રવાસીઓને મુલાકાત કરાવેલ તથા આ પધ્ધતિનો અમલ કરવા માટે જરૂરી તાંત્રિક માર્ગદર્શન રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, દવે સાહેબ દ્વારા આપવામાં આવેલ. જેમાં મુખ્ય ક્રિકમાંથી મુખ્ય કેનાલની ઉંડાઈ, પહોળાઈ તથા દિશા નકકી કરવા માટેનું શીખવામાં આવેલ તથા તેના કેટલા ચેર બીજનું વાવેતર કરવુ વગેરે જણાવવામાં આવેલ.

ખાસ કરીને ચેર વાવેતરમાં લોક ભાગીદારી કેવી રીતે વધારી શકાય તે માટે જરૂરી માર્ગદર્શન નાયબ વન સંરક્ષકશ્રી, પી.એચ.સાતા, સાહેબ દ્વારા આપવામાં આવેલ. સાથે સાથે આ ફીશબોન પધ્ધતિ મરીન નેશનલ પાર્ક, જામનગરમાં પણ અપનાવી વધુ વિસ્તારના લાભ લઈ વધુમાં વધુ ચેર વાવેતર થઈ શકે તે માટે જણાવેલ.

બાદમાં ગ્રેટ ઈન્ડીયન બસ્ટર્ડ સેન્ચ્યુરીની મુલાકાત લેવામાં આવી. ત્યાંથી નીકળી જખૌ સાઈટમાં ફોરેસ્ટ સ્ટાફ તથા જી.ઈ.સી. દ્વારા કરવામાં આવેલ ચેર વાવેતરની મુલાકાત લીધી. જેમાં આશીરાવાઢ વિસ્તારમાં ફોરેસ્ટ ખાતા દ્વારા ઓટલા બેડ પધ્ધતિથી કરવામાં આવેલા ચેર વાવેતરની મુલાકાત તથા તેના વિશે જાણકારી મેળવી તથા જી.ઈ.સી. દ્વારા બનાવવામાં આવેલ આશીરાવાઢ ચેર સમિતિની મુલાકાત લીધી. તેમના પ્રમુખશ્રીએ મુલાકાત દરમ્યાન જણાવેલ કે અમારી સમિતિ દ્વારા આઈ.સી.ટી.એફ. પ્રાજેકટ દ્વારા ચેર વાવેતર કરેલ છે. આઈ.સી.ઝેડ.એમ. અંતર્ગત જી.ઈ.સી. દ્વારા નવી સીબીઓ રચી છે.

આમ, ખુબ જ સરસ રીતે અને પ્રેરણાની સાથે સાથે આનંદ લઈને પ્રવાસ પુર્ણ કરવામાં આવેલ.

## પ્રાકૃતિક શિક્ષણ શિબીર – ખીજડીયા

કાળઝાળ ગરમીવાળો રેગિસ્તાન પ્રદેશ હોય કે, અસહ્ય ઠંડુ હવામાન ધરાવતો ધ્રુવ પ્રદેશ હોય, ગગનચુંબી પહાડોની ઉંચાઈ હોય કે પછી સમુદ્રનું ઉંડું તળીયું હોય, કુદરત કઠોરમાં કઠોર સ્થળે પણ જીવસૃષ્ટિ ખીલવવાનું ચુકી નથી. વિષમ વાતાવરણમાં પણ જીવન તેણે ધબકતું રાખ્યું છે. પરંતુ ટેકનોલોજીને સગવડોલોજી બનાવી સતત સુખની શોધ ચાલતી રહેલી છે. સંશોધનની ગતિ તરાપાથી સ્ટીમર ભણી, વનથી વાડી ભણી, કુવાથી ઓવરહેડ ટેન્ક ભણી, અને કોદળીથી કોમ્પ્યુટર ભણી રહી છે. આ સઘળી શોધયાત્રા જાણે સગવડયાત્રા બનાવી છે. છતાં પણ માનવી તાણયુકત વાતાવરણમાં અટવાઈને અશાંતિ ભોગવી રહ્યો છે અને શોધયાત્રામાં પણ માનવી જે સવારથી જ જીવન આપે છે તે સુર્યનું તેજ કયાંથી લાવવાનો ? ખળખળ વહેતા નાવ વગરના ઝરણાની પવિત્રતા કયાંથી લાવવાનો ? અસંખ્ય નદીઓ દ્વારા માતૃત્વ પહોંચાડતા પર્વતો અને નદીઓ તો કુદરત જ આપી શકે. મધમધતા ફુલોની સુંગધ પ્રકૃતિ વિના બીજે કયાંથી મળે? સાગર અને ગગન વિશાળતા, ચંદ્રની શીતળતા અને નાની નાની ચાંચમાંથી આછા અજવાળાને આવકારનારા ઉદ્ગારો જે પવનમાં વહેતા થાય છે, એવા અનેક ઉદ્ગારો ભેગા મળીને જે સંગીતનું સર્જન કરે છે તે કલરવ કયાંથી શોધવાનો? એક માત્ર પ્રકૃતિનું સાનિધ્ય જ માનવીનાં તન-મન ને ખીલવીને તંદુરસ્તી બક્ષે છે.

એટલા માટે શિયાળામાં મરીન નેશનલ પાર્ક જે ઓખા થી નવલખી સુધી વિસ્તરેલો છે અને અનેક વૈવિધતાઓથી ભરેલો છે તેના જ એક અંગ સમા ખીજડીયા પક્ષી અભયારણ્યમાં પ્રાકૃતિક શિક્ષણ શિબિરો યોજાયેલ. એ ખીજડીયાના ખુણામાં ખીલેલા નિસર્ગમાં સુર્યનું પ્રથમ કિરણ જ આહલાદકતા અર્થે છે અને માનવીના અસ્તીત્વને પુલકીત કરતા પક્ષીના કલરવોનું સંગીત સાંભળવા માટે અનેક સ્કુલ કોલેજના આશરે ૩૦૦૦ જેટલા વિધાર્થીઓએ અનેક વિશેષતા તેમજ



વિવિધતા સભર વાતાવરણ ને માણ્યું. હું (માનવી) આવડા મોટા વૈભવી વારસાનો વારસદાર છું તેવી પ્રતિતી કરાવતી પ્રાકૃતિક શિક્ષણ શિબિરોમાં જેઓની પાસે આગવા અનુભવોનું ભાથું છે તેવા માનનીય મુખ્ય વન સંરક્ષકશ્રી, આર.ડી.કમ્બોજ સાહેબ, નાયબ વન સંરક્ષકશ્રી પી.એચ.સાતા સાહેબ તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, જી.એ.સોઢા સાહેબ તેઓના પ્રવચનો દ્વારા પ્રકૃતિને માણવા માટેની શ્રધ્ધા સભર દૃષ્ટિ મળી. સાંજનો સુર્યાસ્ત અને રાતવાસો કરવા માટે સાગરનાં ખોળામાં આવતા અનેક પક્ષીઓ ખારા મીઠા પાણીની વિવિધતાની વાતો કરતા યાયાવર બતક તેમજ ખીજડીયા અભયારણ્યને સ્પર્શતા ચારે બાજુના ગામડાઓના સીમાડા તરફથી આવતી ક્રેન ( કુંજો) તેમજ રોઝી પાસ્તર (વૈયા) ની તાલબધ્ધ ઉડાન જોઈને વિધાર્થીઓ નાચી ઉઠતા. તાજેતરમાં તેમનાં બચ્ચાઓને લઈ આવેલા ગુલાબની ચાદર જેવી ઉડાન તન-મનને ગુલાબી કરી દે તેવા ફલેમીંગો અને મહેમાન પક્ષીઓની સરભરામાં વ્યસ્ત સ્થાનિક પક્ષીઓ હમણાં જ ઉડતા તેમજ ખોરાક લેતા થયેલા બચ્ચાઓને પણ એજ શિખામણ આપતા કે હમણાં શિકારી પક્ષીઓ પણ ખુબ વધી ગયા છે. જરા ચેતીને દરિયા બાજુ જાવું. પેન્ટેડ ગુલાબી પેણનાં બચ્ચાઓને વિધાર્થીઓએ સંઘરાખોર પેલીકનની વાત કરતા સાંભળ્યા કે માછલી ખાઈ તો જાય પાછા ચાંચની નીચે કોથળી છે તેમાં સાથે લેતા પણ જાય મહેમાન છે કહીને સ્થાનિક પક્ષીઓનાં વડીલોએ 'અતિથિ દેવો ભવઃ' ના ભારતની ભાવના સમજાવી.

ભાગ ૧ માં વોચ ટાવર નં. ૨ જેનું નામ બ્લેક નેકડ સ્ટોર્ક છે તેના નામની યથાર્થતા તેની સામે રહેલા કાળી ડોક ઢોકના માળાને જોઈને અનુભવી સ્થાનિક પક્ષીઓને એક વાતનું દુઃખ યાયાવર પક્ષીઓનું લાગ્યું કે તેઓની એક મીટીંગમાં સ્થાનિક પક્ષીઓને સ્થાન આપેલ નહિ પણ મીટીંગનો હેતુ અભયારણ્યમાં શિયાળ, જંગલકેટ વગેરે પ્રાણીઓને કલરફુલ યાયાવર પક્ષીઓ વધારે ભાવે છે તેમજ ભારતીયોને વિદેશી વસ્તુનો બહુ મોહ છે, તેથી અહિની નીલગાયની ચિંતા નથી પણ હિસંક પ્રાણીઓથી બચવું. ત્યારે બધાએ સાથે મળીને એકી અવાજે કહ્યું, પ્રકૃતિની દ્રષ્ટિએ કોઈ સરહદ સીમાડા નહી તે દ્રષ્ટીએ આખું વિશ્વ એક છે. આમ કુદરતે આવડો મોટો વૈભવ શહેરથી ફકત ૧૫ કિલોમીટર દુર મારા માટે ઠાલવ્યો તેની પ્રતિતી પ્રાકૃતિક શિક્ષણ શિબિરો દ્વારા થઈ અને તમામ વિધાર્થીભાઈઓ, બહેનો તેમજ શિક્ષકો એક નેમ સાથે છુટા પડયા કે કોઈએ મારા માટે સાચવીને રાખેલો આ પ્રાકૃતિક વારસાને અમે માણ્યો અને હવે જેટલો છે તેટલો જેવો છે તેવો સાચવીને આવતી પેઢીના હાથમાં આપશું. અમને પણ કોઈએ ઘણા બધા વૃક્ષોની તેમજ પક્ષીઓની ઓળખાણ એક હતી ચકી વાર્તા થી પક્ષીઓની પ્રતિનિધી ચકલીથી કરાવી, તેમ આ બધું અમે કોઈપણ ક્ષેત્રમાં જશુ તોય આજીવન જેને જીવવાનું પણ છે અને સાચવવાનું પણ છે અને પ્રાકૃતિક સ્ત્રોતોની તમામ કડીઓને તંદુરસ્ત રાખવાનો પ્રયત્ન કરશું અને છેલ્લે વિજ્ઞાન અને ટેકનોલોજીના નામે તેમજ માનવીની અમાપ સ્વાર્થવૃતિને લીધે સદ્‌ગતિ પામેલાં અનેક સજીવો વૃક્ષો, વેલા, મૃદુકાય જીવો, સ્તનવંશી પ્રાણીઓ, ઉભયજીવી પ્રાણીઓ, કીટકો, અસંખ્ય દરિયાઈ જીવસૃષ્ટિ, ચેરનાં જંગલો, અનેક પ્રકારના પક્ષીઓ આ બધુ સર્જતા સર્જનહારને કરોડો વર્ષે લાગ્યા હશે. પરંતુ માનવીની ભોગવૃતિને લીધે માણસને આ કામ આટોપતા થોડોક જ સમય લાગેલ તે બધાને શ્રધ્ધાંજલી અર્પી પ્રાકૃતિક શિક્ષણ શિબિર પુર્ણ થયેલ હજારો પ્રવાસીઓની સાથે ૩૦૦૦ વિધાર્થીભાઈ બહેનો તેમજ શિક્ષકશ્રીઓએ સૌથી મોટો શિક્ષક એવા પ્રકૃતિની ગોદમાં ૨૪ કલાક રોકાઈને પ્રકૃતીને માણવાનો લહાવો જે સરકારશ્રી તેમજ મરીન નેશનલ પાર્ક દ્વારા આયોજન કરેલ તે બદલ ફરીથી તમામ અધિકારીશ્રીઓનો આભાર માની છુટા પડેલ.

પી. આર. સિધિંયા, ખીજડીયા

આપના સુચનો તથા અભિપ્રાય માટે સંપર્ક કરો

**મુખ્ય વન સંરક્ષક**

દરિયાઈ રાષ્ટ્રિય ઉદ્યાન, નાગનાથ ગેટ પાસે, વન સંકુલ, જામનગર. ફોન : (૦૨૮૮) ૨૬૭૯૩૫૭, ફેક્સ : (૦૨૮૮) ૨૭૭૦૧૬૧

Design : PQC, www.pqcindia.com